# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) ભારત અને જાપાને બંને દેશોની ખાસ વ્યૂહાત્મક અને આર્થિક સુરક્ષાના પ્રત્યેની પ્રતિબદ્ધતાને મહત્વપૂર્ણ ગણાવી - આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની નિંદા કરી.

2) પંચાયતી રાજ મંત્રાલય આજે નવી દિલ્હીમાં રાજ્ય પંચાયતી રાજ મંત્રીઓની રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરશે.

3) આજથી પવિત્ર અમરનાથ યાત્રાનો પ્રારંભ - યાત્રા 28મી ઑગસ્ટે પૂર્ણ થશે.

4) રશિયાએ યુક્રેનના કિવ પર કરેલા હુમલામાં 27 ના મોત – 90 થી વધુ લોકો ઘાયલ.

5) ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, ઇંગ્લેન્ડ દક્ષિણ આફ્રિકાને હરાવી ફાઇનલમાં પહોંચ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAPAN-INDIA UNIOUN

ભારત અને જાપાને વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીના આર્થિક સુરક્ષાના પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાને મહત્વપૂર્ણ ગણાવી છે.

આર્થિક સુરક્ષા સહકાર પર ભારત-જાપાન સંયુક્ત ઘોષણામાં કહેવામાં આવ્યું કે, આર્થિક સુરક્ષા ભાગીદારી પરસ્પર વિશ્વાસ, સહિયારા મૂલ્યો અને સંકલિત હિતો પર આધારિત છે.

## BYTE: PM ECONOMY

બંને પક્ષો પાંચ મુખ્ય ક્ષેત્રો, સેમિકન્ડક્ટર, ક્રિટિકલ મિનરલ્સ, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ક્લીન એનર્જી અને ફાર્માસ્યુટિકલ્સમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવશે. શ્રી મોદીએ ભારત-જાપાન સંબંધને વિશેષ ગણાવ્યા.......

## BYTE: PM SUZUKI

# JAPAN PM-MEETING-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના જાપાની સમકક્ષ સનાઈ તાકાઈચીએ પાકિસ્તાન દ્વારા સરહદ પારથી થતા આતંકવાદ અને હિંસક ઉગ્રવાદની સ્પષ્ટ અને કડક નિંદા કરી છે.

ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનના સંયુક્ત નિવેદનમાં, બંને નેતાઓએ ગત વર્ષે 22 એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી. તેમણે 29 જુલાઈ 2025ના સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ મોનિટરિંગ ટીમ રિપોર્ટમાં ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)નો ઉલ્લેખ પણ કર્યો. તેમણે ગયા વર્ષે 10 નવેમ્બરના રોજ દિલ્હીમાં થયેલી આતંકવાદી ઘટનાની પણ કડક શબ્દોમાં નિંદા કરી.

બંને પ્રધાનમંત્રીઓએ સ્થિતિસ્થાપક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકના સહિયારા ધ્યેય તરફ સમાન વિચારધારા ધરાવતા દેશો વચ્ચે સહયોગને આગળ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુન:રોચ્ચાર કર્યો.

# MINISTRY OF PANCHAYATI RAJ

પંચાયતી રાજ મંત્રાલય આજે નવી દિલ્હીમાં રાજ્ય પંચાયતી રાજ મંત્રીઓની રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરશે. કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ આ કાર્યશાળાની અધ્યક્ષતા કરશે.

કાર્યશાળા દરમિયાન, 16મા નાણા પંચના ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓના અનુદાનના અમલીકરણ માટેની માર્ગદર્શિકા પર ચર્ચા કરવામાં આવશે. આ કાર્યશાળા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન, અમલીકરણ પડકારોની ચર્ચા અને નાણા પંચના અનુદાનના અસરકારક ઉપયોગ માટે વ્યવહારુ વ્યૂહરચનાઓનું આદાન-પ્રદાન કરવા માટે મંચ પૂરું પાડશે.

# OM BIRLA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે કોલકાતામાં પશ્ચિમ બંગાળ વિધાનસભાના નવા ચૂંટાયેલા સભ્યો માટે બે દિવસીય સંસદીય અને કાયદાકીય કામગીરીના વિવિધ પાસાઓથી પરિચિત કરવાના વિશેષ સત્રનું ઉદ્ઘાટન કરશે.

આ સત્રનો ઉદ્દેશ્ય નવા ચૂંટાયેલા સભ્યોને સમિતિ પ્રણાલીઓ, નાણાકીય દેખરેખ, સંસદીય વિશેષાધિકારો અને વિધાનસભાઓમાં ઉભરતી ડિજિટલ વિવિધ પહેલની સમજ આપવાનો છે.

કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી હાજરી આપશે.

# BIHAR RP-VISIT IRAN

બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરીતા આજે ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા ગ્રાન્ડ આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીના અંતિમ સંસ્કાર સમારોહમાં હાજરી આપવા માટે ઈરાનની મુલાકાત લેશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, સમારોહમાં ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિત્વ બંને દેશો વચ્ચેના સંબંધોના મહત્વ પર ભાર મૂકે છે, જે રાજકીય અને આર્થિક સંબંધોને મજબૂત પાયો પૂરો પાડે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## AMARNATH YATRA BEGINS

**અમરનાથ યાત્રા આજથી જમ્મુ અને કાશ્મીરના પહેલગામ અને બાલતાલ બંને રૂટથી શરૂ થઇ છે. આ યાત્રા 28 ઓગસ્ટના રોજ રક્ષાબંધનના તહેવાર સાથે સમાપ્ત થશે.**

## VC – AMARNATH – ISHFAQ-SHAH

# WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સમગ્ર દિલ્હી, ગુજરાતના કેટલાક ભાગો, ઉત્તર પ્રદેશના બાકીના ભાગો, મધ્ય પ્રદેશના મોટાભાગના ભાગો, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના છે.....

## VC: WEATHER – NIKITA

# UKRAIN-RASSIA ATTAKE

યુક્રેનમાં, રાજધાની કિવ પર રશિયા દ્વારા ડ્રોન અને મિસાઈલ હુમલામાં 27 લોકો માર્યા ગયા છે અને 90 લોકો ઘાયલ થયા છે. સમગ્ર કિવમાં 30 સ્થળોએ મુખ્યત્વે રહેણાંક ઇમારતો અને નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવાયા છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઘાતક બોમ્બમારો યુક્રેન દ્વારા રશિયા ઉપર કરવામાં આવતા હુમલાનો આ વળતો જવાબ છે. તે ઉપરાંત યુક્રેન સતત રશિયાની તેલની રિફાઇનરી પર હુમલાઓના કારણે રશિયામાં ઇંધણ સંકટ સર્જાયું છે.

# SIRIYA-BLAST

સીરિયામાં, ગઈકાલે દમાસ્કસના એક કાફેમાં વિસ્ફોટક ઉપકરણ મૂકી વિસ્ફોટ કરાયો હતો, જેમાં ઓછામાં ઓછા નવ લોકો માર્યા ગયા હતા.

ગૃહ મંત્રાલયે અહેવાલ આપ્યો હતો કે, આ વિસ્ફોટક ઉપકરણ રાજધાનીના હેજાઝ જિલ્લામાં ન્યાય મહેલથી 100 મીટર દૂર સ્થિત કાફેની અંદર મૂકવામાં આવ્યું હતું.

# THAILAND-MONK KILLED

થાઇલેન્ડમાં, મુકદહાન પ્રાંતમાં ગઈકાલે તીર્થયાત્રા પર જઈ રહેલા સાધુઓના જૂથ પર 11 વર્ષના છોકરાએ પિકઅપ ટ્રક અથડાવી દેતાં નવ સાધુઓના મોત થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુકદહાન પ્રાંતના કુલ 35 સાધુઓ યાત્રા પર હતા. પાંચ સાધુઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ચાર અન્ય સાધુના હોસ્પિટલમાં મોત થયા હતા.

# ICC WOMEN

ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, લંડનના ખાતે રમાયેલી બીજી સેમિફાઇનલમાં યજમાન ઇંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને 40 રનથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા ઇંગ્લેન્ડે નેટ સાયવર-બ્રન્ટના 47 બોલમાં 75 રનની મદદથી 20 ઓવરમાં પાંચ વિકેટે 169 રન બનાવ્યા. જવાબમાં, દક્ષિણ આફ્રિકા 20 ઓવરમાં આઠ વિકેટે 129 રન બનાવી શક્યું.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

- આજના અખબારોમાં જાપાનના વડાપ્રધાન અને પીએમ મોદી વચ્ચે થયેલ બેઠક,,,, ગુજરાતમાં પડેલ વરસાદ અને રશિયાએ યુક્રેન પર કરેલ હુમલાના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઈન છે ભારતને વિકસિત કરવા જાપાને હાથ મિલાવ્યા..
- નવગુજરાત સમય લખે છે રશિયાએ યુક્રેન પર 11 કલાક મિસાઈલો ઝીંકી-22 મોત.
- ફૂલછાબની હેડલાઈન છે જૂનમાં રીસાયેલા જૂલાઈમાં રીઝ્યા, ગુજરાત પર વેધર ચક્રવ્યુહ 5 સિસ્ટમ એકસાથે ત્રાટકશે...
- સંદેશની હેડલાઈન છે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારત અને જાપાન મજબૂત ભાગીદારી માટે કટિબદ્ધ.......